ખેડબ્રહ્માથી 3 ઓવરલોડ ડમ્પર ઝડપાયા

ખેડબ્રહ્મા તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીની રેતીનું બેફામ અને ઓવરલોડ ડમ્પરોમાં ખનન થતું હોય ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કે.એસ. મોદી અને મામલતદાર જી.ડી. ગમાર સ્ટાફ સાથે બુધવાર રાત્રીના ૧૦.૩૦ કલાકે અંબાજી હાઈવે પર ચેકીંગ દરમ્યાન આર.જે.જીસી.૯૦૭૯નું ડમ્પર ઓવરલોડ જનતા પકડી પાડેલ. બીજા દિવસે બપોરે ફરી ચેકીંગમાં જી.જે.૧૮.એવી.૬૯૪૬ અને પાસિંગ વગરનું ઓવરલોડ ડમ્પર પકડી પાડી સેવાસદન ખાતે સિઝ કરવામાં આવ્યા હતા. જેમાં વજન કરતાં ઉપર વજન કરાવતા અનુક્રમે ૧૬ મેટ્રિકટન સામે ૩૩.૫૧૦ મેટ્રિકટન, ૧૮ મેટ્રિકટન સામે ૨૪,૫૧૦ મેટ્રિકટન અને ૨૦ મેટ્રિકટન સામે ૨૫,૯૯૫ મેટ્રિકટન ઓવરલોડ રેતી ભરેલી હોઈ પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદીએ કલેક્ટર સાબરકાંઠાને રીપોર્ટ કરેલ છે અને નંબર વગરના ડમ્પર માટે આરટીઓ કચેરીને પણ જાણ કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ વિવાદાસ્પદ બન્યું

ભવનના લોકાર્પણ બેનરમાં જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીનો ફોટો ગાયબ : ૨૬ કરોડથી વધુના ખર્ચે બનેલ ભવનમાં જીલ્લા પંચાયતની તમામ સેવાઓ એકજ સ્થળેથી ઉપલબ્ધ

અરવલ્લી, તા. ૧૦

૨૬ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામેલા અરવલ્લી જીલ્લા પંચાયત ભવનના લોકાર્પણ સમારોહમાં અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને જીલ્લા વિકાસ અધિકારીની ગંભીર બેદરકારી બહાર આવતા અને જીલ્લા વહીવટી તંત્ર અને જીલ્લા વિકાસ અધિકારી સત્તાધારી સરકારના ઈશારે કામ કરતા હોય તેમ જીલ્લા પંચાયત ભાવનાના લોકાર્પણ બૅનરમાંથી કૉંગ્રેસ શાષિત જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીનો ફોટો ગાયબ કરતા જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ મંત્રી જયદ્રથસિંહ પરમાર અને ભાજપના જીલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં જાહેરમંચ પરથી જીલ્લા વહીવટીતંત્રની ઝાટકણી કાઢી કૉંગ્રેસ પક્ષ સત્તા પર હોવાથી રાજકીય ભેદભાવ દાખવવામાં આવતો હોવાનું જણાવતા સન્નાટો છવાઈ ગયો હતો અને જીલ્લાના વિકાસ માટે અધિકારીઓએ રાજકારણથી પર રહી જીલ્લાના વિકાસ માટે પ્રયત્નો કરવા જોઈએ તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

મોડાસાના શામળાજી રોડ પર જીલ્લા કલેક્ટર કચેરી નજીક ૨૬ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક નવનિર્માણ પામેલા અરવલ્લી જીલ્લા પંચાયતનું શુક્રવારે રાજ્યના કૃષિ પંચાયત અને પર્યાવરણ મંત્રી જયદ્રથસિંહ પરમારના હસ્તે રાજ્યના વન અને આદિજાતિ વિકાસ મંત્રી અને જીલ્લાના પ્રભારીમંત્રી રમણલાલ પાટકર અને જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી જીલ્લાના મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સાંસદ દીપસીંહ પરમાર સહીત ભિલોડા અને બાયડના ધારાસભ્ય અને જીલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ અને જીલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણ અને જીલ્લા પંચાયતના સદસ્યો અને ભાજપ અને કૉંગ્રેસના અગ્રણીઓની લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જિલ્લાવહીવટીતંત્ર અને જીલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ બનેલ લોકાર્પણ બેનરમાં જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીનો ફોટો ગાયબ કરતા કૉંગ્રેસના આગેવાનો અને કાર્યકરોમાં ભારે રોષ ફેલાયો હતો અને જીલ્લાના અધિકારીઓએ રાજકારણથી દૂર રહી જીલ્લાના વિકાસની ચિંતા કરી જીલ્લાના વિકાસ માટેની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ધ્યાન આપવુ જોઈએ તેમ અંદરો અંદર ચર્ચા કરતા જોવા મળ્યા હતા.

ડીસાની હરિઓમ શાળા પાછળના દબાણો કાયમી કરવાની માંગ સાથે નાયબ કલેકટરને આવેદનપત્ર

ડીસા, તા. ૧૦

બનાસકાંઠાના ડીસા શહેરમાં આવેલી હરિઓમ શાળા

પાછળ ઘણા શ્રમજીવી પરિવારો વર્ષોથી સ્થાઈ વસવાટ કરે છે. આ વિસ્તારમાં વસતા પરિવારો મતાધિકાર ઊપરાંત આધારકાર્ડ અને ચૂંટણી ઓળખકાર્ડ પણ ધરાવે છે. તેમ છતાં ડીસા નગરપાલિકાતંત્ર દ્વારા છાશવારે આ પરિવારોને દબાણના નામે હેરાન કરાય છે. આ પરિવારો અન્ય કોઈ સ્થળે વસવાટ માટે જમીન ધરાવતા નથી. આવી સ્થિતિમાં ડીસા નગરપાલિકાની ટીમે આ પરિવારોને કોઈપણ જાતની નોટિસો આપ્યા વગર હોળી ધુળેટીના તહેવારો દરમ્યાન જ આ પરિવારોના રહેણાંક મકાનો તોડી પાડતા આ પરિવારો બેઘર બની ગયા છે ત્યારે આજે સામુહિક રીતે ડીસાના નાયબ કલેકટરની કચેરીએ ધસી ગયેલા અસરગ્રસ્ત પરિવારોએ પાલિકાતંત્રની મનમાની સામે રોષ ઠાલવી તેમના રહેણાંક મકાનોની દબાણની જગ્યાને કાયમી કરી આપવાની માંગણી સાથેનું મુખ્યમંત્રીને ઉદ્દેશીને લખાયેલું આવેદનપત્ર ડીસાના નાયબ કલેકટરને સુપ્રત કર્યું હતું.

પ્રાંતિજ ખાતે મહિલા જનજાગૃતિ રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હેલ્થ બ્લોક વિભાગ તેમજ નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે મહિલા જાગૃતિ રેલીનું યોજાઈ હતી. જેમાં નગરપાલિકાના મહિલા પ્રમુખ સહિત મહિલાઓ બેનરો પોસ્ટરો સાથે રેલી યોજી હતી.

મહેસાણાના લાસરીયા સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય લાંચ લેતા પકડાયા

મહેસાણા, તા. ૧૦

મહેસાણા તાલુકાના લાસરીયા ગામે આવેલ સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય અંકિતકુમાર બી. પટેલ ડુપ્લીકેટ શાળા છોડ્યાનું સર્ટિ. કાઢી આપવા માટે ૩૦૦ રૂપિયાની લાંચ સ્વીકારતાં મહેસાણા લાંચ રૂસ્વત વિરોધી શાખાના અધિકારીઓ દ્વારા ગોઠવાયેલ લાંચના છટકામાં ઝડપાયા હતા.

આ સંદર્ભે પ્રાથમિક શાળાના આચાર્યને ખોટી રીતે લાંચના ગુનામાં ફસાવ્યા હોવાના મુદ્દે આજે મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થાનિક પંચાયત કચેરી તથા શાળા પાસે એકઠા થયા હતા અને આના વિરોધમાં શાળામાં શૈક્ષમિક કાર્ય બંધ રહ્યું હતું. દરમિયાન આ મામલે આજે ગામના સરપંચ સહિત ગ્રામજનો વિરોધ દર્શાવવા મહેસાણા કલેક્ટર કચેરીએ ગયા હતા અને શાળાના આચાર્યને ખોટી રીતે ફસાવ્યા હોવાની રજૂઆત કરી નિવાસી અધિક કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

અડદ-મગફળીની જેમ ઘઉંની ખરીદી કરવા સરકાર સમક્ષ માંગણી

રાજ્ય સરકાર દ્વારા અડદ-મગફળી અને તુવેરની ખરીદી માટે દરેક તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર ભાવના સહકારથી સારા ભાવ આપીને ખરીદી કરવામાં આવી. જેમાં ખેડૂતોના બદલે વેપારીઓએ પણ દુકાનમાં ઓછા ભાવે ખરીદી કરેલ અડદ-મગફળી પણ વેચીને વધારે નાણાં કમાવાનો કીમીયો સફળ થયો.

હવે ઘઉંની સીઝન ચાલુ થઈ ગઈ છે. બજારોમાં ૧૪૦૦ થી ૧૫૦૦ ક્વીન્ટલના ભાવે રોકડેથી બોલાઈ રહ્યા છે, પરંતુ સરકારનો આશય ખેડૂતોને બમણો લાભ થાય તે હેતુસર કરવાનો શુભ આશય છે. ત્યારે કિસાન સંઘ જાગૃત ખેડૂતોની માંગણી ૨૧૦૦ થી ૨૨૦૦ ક્વીન્ટલના ભાવે સરકારશ્રી ખરીદ કરે અને ઓછામાં ઓછા ૭ દિવસમાં ખેડૂતના ખાતામાં નાણાં જમા થાય તેવી માંગણી ખેડૂત આલમમાં પ્રવર્તી રહી છે.

મેઘરજ તાલુકા કિસાન સંઘના પ્રમુખ કોદરભાઈ પટેલ, મંત્રી ચેહરાભાઈ અને રમણભાઈ અને તમામ સદસ્યો તથા તાલુકાના જાગૃત નાગરિકોની પ્રબળ માગણી જિલ્લા ખેતીવાડી અધિકારી સમક્ષ ઉભી થઈ છે અને હવે તો રાજ્યના કૃષિમંત્રી-મુખ્યમંત્રીને પણ જમાવવામાં આવેલ છે કે ઘઉંની સીધી ખરીદી કરી ઉંચા ભાવ આપે અને ખેડૂતોની આવક બમણી કરવાનું વચન પાળે. આ અંગે મેઘરજ તાલુકાના ખેડૂતો પૈકી પૂજાભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, અરવિંદભાઈ, જીવાભાઈ, ભરતભાઈ, છગનભાઈ પંચાલ વગેરેએ કિસાન સંઘના અગ્રણીઓ અને રાજ્ય સરકારને ઘઉંની સીધી ખરીદી માટે જણાવેલ છે.

અરવલ્લી ૧૮૧ અભયમ મહિલા સુરક્ષા ટીમને શ્રેષ્ઠ એવોર્ડ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિતે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે વિશાળ સંખ્યામાં મહિલાઓની ઉપસ્થિમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મહિલા દિન ઉજવાયો હતો. ગુજરાતની સરકારી સહિત વિવિધ સંગઠનોની મહિલાઓની શ્રેષ્ટ કામગીરીને મુખ્યમંત્રીએ વખાણી હતી અને શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં અરવલ્લી જિલ્લાની ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર ચેતના ચૌધરીને મુખ્યમંત્રીના હસ્તે શેષ્ઠ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અરવલ્લી ૧૮૧ અભયમ ટીમને શેષ્ઠ એવોર્ડ આપવા બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

ઊંઝામાં વ્યાજખોરોના ત્રાસનો ભોગ બનતો શ્રમિક પરિવાર

ઊંઝા, તા. ૧૦

ઊંઝા શહેરમાં હૂડકોમાં રહેતા એક શ્રમિક વ્યક્તિએ વ્યાજથી ઉછીના લીધેલ નાણાં વ્યાજ સહિત ચૂકવી દીધેલ હોવા છતાં નાણાં ધીરનાર ઈસમે શ્રમિકના ઘેર જઈ બળજબરીપૂર્વક તેને ઘરની બહાર કાઢી ઘરનો કબજો મેળવ્યા અંગે કથિત બે વ્યાજખોરો સામે મોડેથી ફરિયાદ નોંધાવતા શહેરમાં ભારે ચકચાર મચી છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે હૂડકોમાં રહેતા ગણપતભાઈ ગોપાલભાઈ વણઝારા નામના માટીકામ કરતા શ્રમિક ઊંઝાના જીતુભાઈ ઉર્ફે મિલન પટેલ પાસેથી લગ્નપ્રસંગે તથા પુત્રની બિમારીની સારવાર કરવા માટે રૂપિયા સાડાચાર લાખ દર મહિને ત્રીસ હજાર રૂપિયાના વ્યાજથી ઉછીના લીધા હતા. દરમિયાન બીજો એક દાસ નામનો ઈસમ દર મહિને વણઝારા પાસે વ્યાજ પેટે ઉઘરાણી કરતા વણઝારાએ આ રકમના ચાલીસ લાખ રૂપિયા વ્યાજપેટે આપવા છતાં તેમની પાસે આઠ લાખની ઉઘરાણી કરવામાં આવી હતી. જેથી શ્રમિકે દશ ગણા પૈસા ચૂકવેલ છે. તેમ કહેતાં નાણાં ધીરનાર શખ્સે ઉશ્કેરાઈ જઈને અપશબ્દો બોલી તને ઉપાડી જઈશુ તેવી ધમકીઓ આપી હતી. બાદ ગત તા. ૧૨-૧-૨૦૧૮ના રોજ સદર ઈસમો શ્રમિકના ઘેર ગયા હતા અને પૈસા આપી દે નહીંતર ઉપાડી જઈશુ તેમ કહી અવરોધ કરી શ્રમિકને જબરદસ્તીથી ઘરની બહાર કાઢી બળજબરીપૂર્વક ઘરને તાળુ મારી ગેરકાયદેસર વ્યાજના પૈસા કઢાવી ઘરનો કબજો મેળવી લીધો હતો.

કાંકરેજ તાલુકાના અણદપુરાના યુવક પોતાની પુત્રી સાથે રૂની નજીકની કેનાલમાં પડી કરી આત્મહત્યા

કાંકરેજ, તા. ૧૦

કાંકરેજ તાલુકા વાતની અણદપુરાના વતની પ્રાધનજી હીરાજી ઠાકોર ઉં.વર્ષ ૨૮ વાળો તેની ૩ વર્ષની પુત્રી રવીના સાથે ગત તારીખ ૮-૩-૨૦૧૮ના સવારે વેલા સાસરે જવું છું એમ કહી ઘરેથી નીકળે જે મોડી સાંજ સુધી ઘરે પાછા ના ફરતા તેના પરિવારના સભ્યોએ શોધખોળ કરવા લાગ્યા હતા. તમેજ પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. જયારે આજરોજ રૂની નજીક પસાર થતી નર્મદાની કેનાલમાં સ્થાનિક તરવૈયાની મદદથી બંનેની લાશો બહાર કાઢી થરા રેફરેલ ખાતે લાવવામાં આવેલ પિતા આ તેની પુત્રીને પોતાના શરીર સાથે બાંધીને કેનાલમાં પડી જીવન ટૂંકાવ્યું હતું. હોસ્પિટલ ખાતે મામલતદાર કાંકરેજ એ.એસ. ચૌહાણ તેમજ પી.એસ.આઈ. એ.કે. ભરવાડ દોડી આવ્યા હતા અને આ બાબતે થરા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરાઈ હતી.

ડીસા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના મહિલા સંમેલનમાં મહિલા અગ્રણીઓનું સન્માન

ડીસા

ગત આઠમી માર્ચે ઉજવાયેલા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા આજે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો જ્યારે દરેક જિલ્લાઓમાં જિલ્લા કક્ષાના મહિલા સન્માન સમારોહ યોજી નારી શક્તિની વંદના કરાઈ હતી. રાજયની મહિલાઓમાં જાગૃતિ આવે અને સમાજ પણ નારી શક્તિનો આદર કરતો થાય તે માટે જાગૃતિ કેળવવાના આશયથી આજે રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લાઓમાં યોજાયેલા મહિલા સંમેલનો અંતર્ગત ડીસા ખાતે પણ આજે જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન યોજાયું હતું.. રાજ્ય સરકારના સિંચાઈ મંત્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે ડીસાના હવાઈ પિલર ગ્રાઉન્ડમાં યોજાયેલા આ મહિલા સંમેલનમાં જિલ્લાની મહિલાઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. બનાસકાંઠા જેવા અંતરિયાળ વિસ્તારમાં પણ મહિલાઓ પુરૂષ સમોવડી બને તે આજે ડીસા ખાતે યોજાયેલા આ મહિલા સંમેલનમાં બનાસકાંઠા જિલ્લામાં મહિલા ઉત્થાન માટે કામ કરતા મહિલા અગ્રણીઓને ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે સન્માનિત કરી મહિલાઓના ઉત્થાન માટે શું કરી શકાય તે માટે મંત્રી પરબતભાઈ પટેલે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ ભાગીદાર બની હતી. પુરૂષ ની જેમ જ મહિલાઓ પણ તમામ ક્ષેત્રમાં આગળ વધે તે માટે ઉપસ્થિત મહેમાનોએ મહિલાઓને સમજણ આપી હતી.હાલ રાજયમાં જળ સંકટ ઊભું થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.અને સરદાર સરોવર તેમજ ધરોઈ જેવા મુખ્ય જળાશયોમાં પણ પાણી ઓછું થ જ્યારે અન્ય ડેમોમાં પણ પાણી ઓછું હોવાના અહેવાલોથી રાજ્ય સરકાર હરકતમાં આવી છે.ત્યારે આજે ડીસા ખાતે આયોજીત મહિલા સંમેલનમાં ઉપસ્થિત રાજ્ય સરકારના સિંચાઈ મંત્રી પરબતભાઈ પટેલે પણ પાણીની અછત હોવાનો સ્વીકાર કર્યો હતો.જોકે ઉનાળામાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પાણીની કોઈ જ સમસ્યા ઉભી ન થાય તે માટે રાજ્ય સરકાર કામ કરી રહી હોવાનું જણાવી મંત્રી પરબતભાઈ પટેલે રાજ્યમાં પાણીની કોઈ સમસ્યા ઉભી નહીં થાય તેવો દાવો પણ કર્યો હતો.

ભિલોડાના કરણપુર ગામે નવજાત બાળકીને ત્યજી દેવાતાં જનેતા સામે ફિટકાર

ભિલોડા,તા.૧૦

ગત રોજ ૮મી માર્ચના દિને વિશ્વ મહિલા દિનની ઠેર-ઠેર ધામ-ધુમ પુર્વક ઉજવણી કરાઈ હતી.એક તરફ મહિલા સશક્તિકરણ, બેટી બચાવોની મોટી-મોટી ગુલબાંગો ફુકવામાં આવે છે.વિશ્વ મહિલા દિન નિમિત્તે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં ઉર નન્હી પરીના આગમનને વધાવ્યું હતું.પુત્રી જન્મને અવસર બનાવાયો હતો. નન્હી પરી અવતરણ દિન તરીકે ઉજવાયો હતો. બાળકીઓનો જન્મ થતાં દિકરીઓના જન્મને અવસરની જેમ ફુલડે વધાવ્યો હતો. રાજ્ય સરકાર ધ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહિત કરવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

હળહળતા કળીયુગમાં પોતાનું પાપ, કુકર્મ છુપાવવા નવજાત શીશુ બાળકીને કોઈ પણ જાતની ફીકર કર્યા વગર મહિલાએ નધણીયાતી મુકી દેતાં જનેતા પર ફીટકારની લાગણી લોકો વરસાવતાં હતા.

ભિલોડા તાલુકાના કરણપુર ગામમાં મહિલાએ નવજાત બાળકીને ત્યજી ફરાર થઈ જતાં નિષ્ઠુર હૃદયની જનેતા સામે લોકો ફિટકારની લાગણી વરસાવતાં હતા.નવજાત બાળકી મળી આવી હોવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.

કરણપુર ગામના સીમવિસ્તારમાં ડાહ્યાભાઈ અળખાભાઈ બામણીયાના ઘઉંના ખેતરમાં ત્યજી દેવાયેલી દોઢ કિલો વજન ધરાવતી બાળકીનો રડવાનો અવાજ સવારે ૯:૦૦ વાગ્યાના અરસામાં સંભળાતાં કરણપુર ગામના સામાજીક કાર્યકર મહેન્દ્રભાઈ કાંતીભાઈ પગીએ ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. આઈ. એમ.આર. સંગાડાને જાણ કરતાં પી.એસ. આઈ.ની રાહબરી હેઠળ રમેશભાઈ બલાત, કિર્તીભાઈ અસારી, ગુણવંતભાઈ વણકર સહિત પોલીસ સ્ટાફ કરણપુર ગામમાં તાબડતોબ પહોંચી ગયો હતો. ત્યજી દેવાયેલી બાળકીનો કબજો મેળવી ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. મેડીકલ ઓફીસર ડા.રોનકભાઈ બોડાત,સ્ટાફ નર્સ આર.એસ. ખરાડીએ દોઢ કિલો વજન ધરાવતી કુપોષીત નવજાત બાળકીની પ્રાથમીક સારવાર કરી હતી પરંતુ વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં પીડીયાટ્રીશન વિભાગમાં ખસેડાઈ હતી.ભિલોડા પોલીસએ બાળકીને ત્યજી દેનાર મહિલા વિરૂધ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

માતૃત્વને લઝવતા કિસ્સા અવાર-નવાર સંભળાય છે પરંતુ નવજાત બાળકોને ત્યજવાના કિસ્સા સમયાંત્તરે પ્રકાશમાં આવતા હોય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ બાળક ત્યજવા અંગે ગુનો દર્જ કરે છે પરંતુ હજુ સુધી એક પણ મહિલા પોલીસના સાણસામાં આવી નથી તેમ લોકમુખે ચર્ચાય છે.

હાઇકોર્ટના ચુકાદા બાદ પ્રેમી યુગલને પોલીસ બંદોબસ્ત સાથે ઘરે પહોચાડ્યા

ગાબટ ગામ માં રહેતા સુનીલભાઈ ભટ્ટ અને રીયાબેન પટેલની આંખો મળી જતા બંને જણા ભાગી જઈ આંતર જ્ઞાતિય લગ્ન કર્યા હતા.ત્યાર બાદ બંને પરિવારો વચ્ચે વિવાદ થયો હતો.ત્યારે યુવતી ના પરિવાર દ્વારા યુવક ના પરિવાર પર હુમળો કરતા આ હુમલા મામલે સાઠંબા પોલીસ મથકે રાયોટીંગ નો ગુનો નોધાયો હતો.તેમ છતાં આ વિવાદ વધુ તંગ બનતાં જેના કારણે પ્રેમી યુગલ સહીત યુવક ના પરિવાર પરિવાર ને ઘર અને ગામ છોડવું પડ્યું હતું.ત્યારે આ અંગે પ્રેમ લગ્ન કરનાર યુવતી ના પિતા એ હેબિયસ કોપર્સ ની અરજી દાખલ કરી હતી.જે અરજી નો તા.૮-૩-૨૦૧૮ ના રોજ ચુકાદો આવતા પ્રેમી યુગલ સહીત યુવક ના પરિવાર ને પોલીસ બંદોબસ્ત સાથે પોતાના વતન માં ઘર વાપસી કરાવાઈ હતી.